ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ, ખેડા અને મહિસાગર જિલ્લામાં ડાંગર અને શિયાળુ પાક માટે વરસાદ આશીર્વાદરૂપ બન્યો

ચરોતરમાં વરસાદી માહોલ યથાવત પાછોતરા વરસાદથી ખેડૂતોમાં આનંદ

નડિયાદ 1824 મિમી સાથે મોખરે, વરસાદથી બફારામાંથી આંશિક રાહત

(પ્રતિનિધિ) નડિયાદ તા.૧૯

ખેડા જિલ્લામાં વરસાદી માહોલ જળવાઈ રહ્યો છે. ૧૯મી સપ્ટેમ્બરના રોજ પડેલા વરસાદ સાથે જિલ્લાનો સિઝનનો કુલ સરેરાશ વરસાદ ૯૮૮.૩૬ મિમી પર પહોંચી ગયો છે. બપોરે પડેલા વરસાદના કારણે વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી અને લોકોને બફારામાંથી આંશિક રાહત મળી હતી. ડાંગર અને શિયાળુ પાક માટે

આશીર્વાદ સપ્ટેમ્બર માસના અંતિમ ચરણમાં પડેલો આ વરસાદ ડાંગર સહિતના ઉભા પાક માટે ખૂબ જ ફાયદાકારક સાબિત થશે. ખાસ કરીને જે વિસ્તારોમાં સિંચાઈની સુવિધા મર્યાદિત છે, ત્યાં બપોર બાદ પડેલા વરસાદથી પાકને નવું જીવન મળ્યું છે. આ ઉપરાંત, જમીનમાં પૂરતો ભેજ સચવાઈ રહેશે તેવી આશા હોવાથી આગામી શિયાળુ પાકની તૈયારી માટે પણ ખેડૂતોને મદદ મળશે.

નડિયાદમાં સૌથી વધુ, ફાગવેલમાં સૌથી ઓછો વરસાદ

19મી સપ્ટેમ્બર સુધીના આંકડા મુજબ, જિલ્લામાં સૌથી વધુ 1824 મિમી વરસાદ નડિયાદ તાલુકામાં નોંધાઈ ચૂક્યો છે. જ્યારે બીજી તરફ, ફાગવેલ તાલુકામાં માત્ર ૪૬૮ મિમી અને ઠાસરામાં ૪૭૭ મિમી સાથે સૌથી ઓછો વરસાદ નોંધાયો છે. પાંચ તાલુકામાં શૂન્ય વરસાદ જિલ્લાના કુલ 11 તાલુકાઓ પૈકી 19 સપ્ટેમ્બરના રોજ જિલ્લાનો સરેરાશ વરસાદ 14.73 મિમી રહ્યો હતો. જોકે, કપડવંજ, કઠલાલ, મહુધા, ઠાસરા અને ગળતેશ્વર એમ પાંચ તાલુકાઓમાં આજે વરસાદનું પ્રમાણ શૂન્ય મિમી નોંધાયું હતું.

આણંદમાં સતત વાદળાછાયા વાતાવરણ વચ્ચે છુટાછવાયા વરસાદી ઝાપટાં પડ્યાં

આણંદ શહેર સહિત આઠેય તાલુકામાં ચાર પાંચ દિવસથી વરસાદી માહોલ છે. શનિવારે દિવસભર અવારનવાર વરસાદી ઝાપટાનો દોર જિલ્લા ભરમાં ચાલુ રહેલ છે. સતત વરસાદી વાતાવરણના પગલે આણંદ શહેરના અને જિલ્લાના કેટલાક ગામોમાં નીંચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઇ ગયા છે તેમજ માર્ગો પર પાણી ભરાઈ જતાં વાહનચાલકો અને રાહદારીઓ માટે વિકટ સ્થિતિ સર્જાઈ હતી. જેને લઇને લોકોને ભારે હાલાકીઓનો સામનો કરવો પડ્યો હતો. આણંદ જિલ્લાના આણંદ સોજિત્રા, ઉમરેઠ બોરસદ આંકલાવ ખંભાત તારાપુર પેટલાદ તાલુકામાં વરસાદ વરસ્યો હતો.દરેક તાલુકામાં સામાન્ય વરસાદી ઝાપટાનો દોર જોવા મળ્યો હતો. શનિવારે દિવસ દરમિયાન મોટાભાગના તાલુકામાં વાદળછાયા વાતાવરણ વચ્ચે અવારનવાર સામાન્ય વરસાદી ઝાપટા પડયાં હતા.

રઘવાણજ ટોલ પ્લાઝા પર કારમાં અચાનક આગ ભડકી

ખેડા પાસે રઘવાણજ ટોલ ટેક્ષ બુથ નંબર ૬ પર મધ્યરાત્રિએ આશરે ૩ વાગ્યાના સુમારે ખેડા તરફથી આવેલી કારમાં અગમ્ય કારણોસર અચાનક આગ ભડકી ઉઠી હતી. આ ઘટના બનતા જ ટોલ પ્લાઝાના સ્ટાફે સમયસૂચકતા દાખવી તુરંત જ ફાયર એક્સટિંગ્યુશરના બોટલ વડે આગ પર કાબૂ મેળવવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, ઘટના અંગે જાણ કરાતા ખેડા ફાયર વિભાગની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી અને આગને પૂર્ણપણે કાબૂમાં લીધી હતી. આ દુર્ઘટનામાં ટોલ બુથ નંબર ૬ ને મોટાપાયે નુકસાન થયું છે, પરંતુ સદનસીબે કોઈ જાનહાની થઇ નહતી. **તસવીર : પ્રગ્નેશ ભાવસાર**

રાષ્ટ્રપતિ 23મીએ વર્ચ્યુઅલ પ્રારંભ કરાવશે

નડિયાદથી રાષ્ટ્રીય યુવા સેવા યોજનાનો પ્રારંભ થશે

બ્રહ્માકુમારી સંસ્થાના 90મા વર્ષ નિમિત્તે 'વિકસિત ભારત માટે યુવા રાષ્ટ્ર નિર્માણ' અભિયાન ચલાવાશે

(પ્રતિનિધિ) નડિયાદ તા.૧૯

બ્રહ્માકુમારી સંસ્થાની સ્થાપનાના 90 વર્ષ પૂર્ણ થવાના પ્રસંગે 'નવદશકોત્સવ' અંતર્ગત યુવા પ્રભાગ દ્વારા રાષ્ટ્રીય કક્ષાની યુવા સેવા યોજના શરૂ કરવામાં આવી રહી છે. 'વિકસિત ભારત માટે યુવા રાષ્ટ્ર નિર્માણ માટે આંતરિક શક્તિની જાગૃતિ' નામની આ યોજનાનો વર્ચ્યુઅલ શુભારંભ 23મી સપ્ટેમ્બર 2026ના રોજ બપોરે 3 વાગ્યે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુના હસ્તે થશે. આ કાર્યક્રમ નડિયાદમાં કોલેજ રોડ પર મહાગુજરાત સર્કલ પાસે આવેલા બ્રહ્માકુમારી 'પ્રભુશરણમ' ખાતે યોજાશે, જેમાં મોટી સંખ્યામાં યુવાનો ભાગ લેશે.

ભારતની કુલ વસ્તીમાં 15થી 29 વર્ષની વયજૂથના યુવાનોનો હિસ્સો અંદાજે 27.2 ટકા હોવાથી વિકસિત ભારતના નિર્માણમાં યુવા શક્તિની ભૂમિકા અત્યંત નિર્ણાયક છે. આ રાષ્ટ્રીય કક્ષાના પ્રોજેક્ટ અંતર્ગત રાજયોગ અને ધ્યાન દ્વારા યુવાનોમાં એકાગ્રતા, આત્મવિશ્વાસ, લક્ષ્ય નિર્ધારણ અને આત્મશિસ્તનો વિકાસ કરવામાં આવશે. આ ઉપરાંત, ભારતભરની શાળા અને કોલેજોમાં આ અભિયાન ચલાવીને યુવાનોને નવીન વિચારધારા, રાષ્ટ્રપ્રેમ, નાગરિક જવાબદારી તેમજ નશામુક્ત અને મૂલ્યનિષ્ઠ જીવનશૈલી અપનાવવા માટે પ્રેરિત કરવામાં આવશે.

યુનિવર્સિટીના ૩૭થી વધુ વર્ષ જૂના યુવક મહોત્સવમાં ૧૧૬૦ યુવાનો ૨૫ સ્પર્ધામાં કૌશલ્ય બતાવશે

એસ.પી. યુનિવર્સિટીના આંતર કોલેજ યુવક મહોત્સવમાં ૬૨ કોલેજ ભાગ લેશે

3 દિવસ સુધી થિયેટર, ડાન્સ, મ્યુઝિક અને સાહિત્યિક ઈવેન્ટ્સનો જામશે રંગ

(પ્રતિનિધિ) આણંદ તા.૧૯

સરદાર પટેલ વિશ્વવિદ્યાલય દ્વારા છેલ્લા ૩૭થી વધુ વર્ષોથી યોજાતા આંતર કોલેજ યુવક મહોત્સવની આગામી ૨૨ થી ૨૪ સપ્ટેમ્બર દરમિયાન ધામધૂમથી ઉજવણી કરવામાં આવશે. ત્રણ દિવસીય આ યુવા મહોત્સવનું ઉદ્ઘાટન ૨૨મી સપ્ટેમ્બરના રોજ સવારે ઈકોવાલા સભાગૃહ ખાતે યોજાશે.

આ વર્ષના યુવક મહોત્સવમાં સરદાર પટેલ યુનિવર્સિટી સંલગ્ન ૬૨ જેટલી કોલેજો અને અનુસ્નાતક વિભાગોમાંથી કુલ ૧૧૬૦ જેટલા વિદ્યાર્થીઓ ઉત્સાહભેર ભાગ લઈ રહ્યા છે. યુવાનોના કૌશલ્યને મંચ પૂરું પાડવા માટે થિયેટર, લિટરરી ઈવેન્ટ, મ્યુઝિક, ફાઈન આર્ટસ અને ડાન્સ એમ કુલ પાંચ કેટેગરીમાં અલગ-અલગ ૨૫ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે.

આ ઉદ્ઘાટન સમારોહમાં મુખ્ય અતિથિ તરીકે ત્રિભુવન સહકારી વિશ્વવિદ્યાલય, આણંદના કુલપતિ પ્રો.(ડો). એસ.પી.સિંહ ઉપસ્થિત રહેશે. આ યુવક મહોત્સવ એસ.પી. યુનિવર્સિટીના કુલપતિ પ્રો.(ડો). નિરંજન પટેલની અધ્યક્ષતામાં યોજાશે, જ્યારે યુવા મહોત્સવ ઓર્ગેનાઈઝિંગ કમિટિના ચેરમેન તરીકે ડૉ. મહેન્દ્ર નાઈ જવાબદારી સંભાળી રહ્યા છે.

આ તમામ સ્પર્ધાઓનું સંચાલન ડૉ. વૈભવ જોશી, પ્રુથા સોની, ડૉ. ચંદ્રકાંત તન્ના, ડૉ. રાજેશ્વરીબેન પટેલ, ડૉ. સીમા રાઠોડ, ડૉ. પિયુષ રાવલ, ડૉ. મોહિતગીરી ગોસ્વામી અને ડૉ. નિલેશ શાહ જેવા વિવિધ વિભાગોના તજજ્ઞ ઈન્ચાર્જ સંભાળશે.

મુખ્ય સ્પર્ધાઓનું કલ્ચરલ શેડ્યૂલ:

- **૨૨ સપ્ટેમ્બર (મંગળવાર):** ઈકોવાલા સભાગૃહ ખાતે સવારે ૧૦:૩૦ વાગ્યે વન એક્ટ પ્લે, બપોરે ૩:૦૦ વાગ્યે વેસ્ટર્ન ઈન્સ્ટ્રુમેન્ટ સોલો, ૩:૩૦ વાગ્યે ક્લાસીકલ ડાન્સ અને સાંજે ૫:૦૦ વાગ્યે ક્રિએટીવ કોરિયોગ્રાફી યોજાશે. જ્યારે એમ.સી.એ. વિભાગ સભાગૃહ ખાતે સવારે ૧૧:૦૦ વાગ્યે વકતૃત્વ સ્પર્ધા યોજાશે.
- **૨૩ સપ્ટેમ્બર (બુધવાર):** ઈકોવાલા ખાતે સવારે ૯:૦૦ વાગ્યે સ્કિટ, બપોરે ૧:૦૦ વાગ્યે મિમિક્રી અને ૨:૦૦ વાગ્યે માઈમ યોજાશે. એમ.સી.એ. વિભાગ ખાતે સવારે ૯:૦૦ વાગ્યે લિખિત ક્વિઝ, ૧૦:૦૦ વાગ્યે ડીબેટ અને સાંજે ૪:૦૦ વાગ્યે ક્વિઝ ફાઈનલ યોજાશે.
- **૨૪ સપ્ટેમ્બર (ગુરુવાર):** ઈકોવાલા સભાગૃહ ખાતે બપોરે ૨:૦૦ વાગ્યે લોક અને આદિવાસી નૃત્ય સ્પર્ધા યોજાશે.

નશાની હાલતમાં વિડિયો અપલોડ કર્યો

ઠાસરા MLAને અપશબ્દ કહેતો વિડીયો વાયરલ થયો

રાજકીય વર્તુળો અને કાર્યકરોમાં ભારે આક્રોશ જન્મ્યો

(પ્રતિનિધિ) નડિયાદ તા.૧૯

ઠાસરાના ધારાસભ્ય યોગેન્દ્રસિંહ પરમાર અને તેમના પરિવાર વિરુદ્ધ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર અત્યંત બિભત્સ ભાષાનો ઉપયોગ કરતો વિડિયો વાયરલ થતાં સમગ્ર પંથકમાં ભારે ચકચાર મચી જવા પામી છે. જેમાં ધારાસભ્ય અને તેમના પરિવારને બદનામ કરવાના ઈરાદે અપલોડ કરવામાં આવેલા આ વિડિયોને પગલે સ્થાનિક રાજકીય વર્તુળો અને કાર્યકરોમાં તીવ્ર આક્રોશ ફેલાયો છે.

મળતી માહિતી મુજબ, ઠાસરા તાલુકાના મીઠાપુરા ગામના યુવક બિન્દેશ લક્ષ્મણ ચાવડા દ્વારા સોશિયલ મીડિયા પર આ વિડિયો નશાની હાલતમાં અપલોડ કરવામાં આવ્યો હતો. આ સમગ્ર ઘટના ૧૭મી સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ રાત્રિના સમયે પ્રકાશમાં આવી હતી. ભદ્રાસા ગામે રહેતા અને ધારાસભ્યના પ્રોગ્રામના સોશિયલ મીડિયા હેન્ડલર તરીકે કામ કરતા જનક દોલત ગોહેલ પોતાના ઘરે સોશિયલ મીડિયા જોઈ રહ્યા હતા, ત્યારે તેમને બિન્દેશ ચાવડા નામના એકાઉન્ટ પરથી પોસ્ટ થયેલો આ વિડિયો જોવા મળ્યો હતો. આ વિડિયોમાં ધારાસભ્ય તેમજ તેમના પરિવારના સભ્યોને ઉદ્દેશીને ગાળો બોલવામાં આવી હતી. આ વિડીયોની તપાસ દરમિયાન સામે આવ્યું હતું કે આ વિડિયો ૧૭ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ સાંજે ૧૮:૦૦ વાગ્યાથી રાતના ૨૧:૩૦ વાગ્યાના સમયગાળા દરમિયાન સોશિયલ મીડિયા પર વાયરલ કરાયો હતો.

આણંદના લેન્ડ રેકર્ડ કર્મી ૨૧મીથી અચોકકસ મુદ્દતની હડતાળ પાડશે

પડતર પ્રશ્નો ન ઉકેલાય તો જમીન માપણી, પ્રોપર્ટી કાર્ડ સહિતની કામગીરી ઠપ્પ થશે

(પ્રતિનિધિ) આણંદ તા ૧૯

ગુજરાત રાજ્ય લેન્ડ રેકર્ડઝ વર્ગ-૩ કર્મચારી મંડળ દ્વારા લાંબા સમયથી પડતર પ્રશ્નો તથા પગાર ધોરણની વિસંગતતાઓ દૂર કરવાની માંગ સાથે આંદોલન શરૂ કરવામાં આવ્યું છે. અગાઉ પેન ડાઉન કાર્યક્રમ યોજ્યા બાદ પણ સરકાર તરફથી માંગણીઓ અંગે કોઈ નિર્ણય જાહેર ન થતાં કર્મચારી મંડળે હવે તબક્કાવાર આંદોલનનો કાર્યક્રમ જાહેર કર્યો છે. આ કાર્યક્રમ અંતર્ગત ૨૧ સપ્ટેમ્બર સુધીમાં પ્રશ્નોનું નિરાકરણ નહીં આવે તો રાજ્યભરના લેન્ડ રેકર્ડ વર્ગ-૩ કર્મચારીઓ અચોક્કસ મુદ્દતની હડતાળ પર ઉતરશે. તેમાં આણંદ જિલ્લાના કર્મચારીઓ પણ જોડાશે. કર્મચારી મંડળના જાહેર કરાયેલા કાર્યક્રમ મુજબ તા. ૧૧ સપ્ટેમ્બરથી તા. ૧૮ સપ્ટેમ્બર સુધી કર્મચારીઓ કચેરીમાં હાજર રહીને પેન ડાઉન આંદોલન કરી રહ્યા છે. આ સમયગાળા દરમિયાન કચેરીમાં હાજરી આપવાની સાથે કામગીરીથી અળગા રહી વિરોધ નોંધાવવામાં આવી રહ્યો છે. ત્યારબાદ તા. ૧૯ સપ્ટેમ્બરે તમામ કર્મચારીઓ સામૂહિક રજા પર જશે. જો ત્યારબાદ પણ સરકાર દ્વારા માંગણીઓ અંગે હકારાત્મક નિર્ણય નહીં લેવાય તો તા. ૨૧ સપ્ટેમ્બરથી અચોક્કસ મુદ્દતની હડતાળ શરૂ કરવામાં આવશે.

લેન્ડ રેકર્ડ વિભાગની કામગીરી સીધી રીતે જમીનમાલિકો, ખેડૂતો અને મિલકતધારકો સાથે સંકળાયેલી હોવાથી હડતાળની અસર વ્યાપક થવાની શક્યતા છે. જમીનની માપણી, હદ નિર્ધારણ, પ્રોપર્ટી કાર્ડ તૈયાર કરવા તથા તેમાં સુધારા-વધારા, જમીન રેકર્ડની ચકાસણી, એકત્રીકરણ સહિતની વિવિધ કામગીરી પર અસર પડી શકે છે. ખાસ કરીને જમીનના વિવાદો, વેચાણ-ખરીદી, વારસાઈ હક્ક, બાંધકામ અથવા અન્ય કાનૂની પ્રક્રિયા માટે રેકર્ડ સંબંધિત કામગીરી કરાવવાની હોય તેવા અરજદારોની પ્રક્રિયા અટકી શકે છે. કર્મચારી મંડળ દ્વારા સરકાર સમક્ષ પોતાના પડતર પ્રશ્નોનો સમયસર ઉકેલ લાવી પગાર ધોરણની વિસંગતતાઓ દૂર કરવાની માંગ કરવામાં આવી છે.

સોરણાપાટીયાપાસેવાહન ટક્કરે યુવકનું કરુણ મોત

પાવન હોટેલ સામે મોડી રાત્રે અજાણ્યું વાહન ટક્કર મારી ફરાર

(પ્રતિનિધિ) કપડવંજ તા.૧૯

કપડવંજના લાડવેલ માર્ગ પર સોરણા પાટીયા નજીક પાવન હોટેલ સામે મોડી રાત્રે એક ગંભીર 'હિટ એન્ડ રન'ની ઘટના સામે આવી છે. આ માર્ગ અકસ્માતમાં અંદાજે ૪૦ થી ૪૫ વર્ષની વયના એક અજાણ્યા પુરુષનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. અકસ્માત સર્જીને અજાણ્યો વાહન ચાલક પોતાનું વાહન લઈને સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો.

આ બનાવની વિગત અનુસાર, નાના રામપુરા ગામના વિજયભાઈ માભાભાઈ ઝાલા શુક્રવારના રોજ ગામના સ્ટેન્ડ પાસે હાજર હતા, ત્યારે તેમને સોરણા પાટીયા પાસે અકસ્માત થયો હોવાની જાણ થઈ હતી. સ્થળ પર જઈને જોતાં રોડ પર અજાણ્યો પુરુષ ગંભીર રીતે ઈજાગ્રસ્ત હાલતમાં પડેલો જોવા મળ્યો હતો. આથી, રાહદારીઓ દ્વારા તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સને બોલાવવામાં આવી હતી, પરંતુ તપાસ બાદ તબીબોએ તેને મૃત જાહેર કર્યો હતો. મૃતકે સફેદ રંગનું પેન્ટ પહેરેલું હતું અને તેમના શરીર પર શર્ટ નહોતો.

આ અકસ્માત બાદ મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે કપડવંજ સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે ખસેડવામાં આવ્યો છે. આ મામલે કપડવંજ ટાઉન પોલીસે અજાણ્યા વાહન ચાલક વિરુદ્ધ ગુનો નોંધી, ફરાર ચાલકની શોધખોળ તેમજ મૃતકની ઓળખ મેળવવા વધુ તપાસ ચલાવી છે.

હેલ્થ સેન્ટર પર ફરજ પરના ડોક્ટર હાજર ન રહેતા હોવાનો આક્ષેપ

નડિયાદના હરિદાસ અર્બન હેલ્થ સેન્ટરના ડોક્ટર - સ્ટાફને નોટિસ

દર્દીઓ સાથે અસભ્ય વર્તન અને તબીબની ગેરહાજરી અંગે ખુલાસો માંગ્યો

(પ્રતિનિધિ) નડિયાદ તા.૧૯

નડિયાદના અર્બન હેલ્થ સેન્ટર-૧ હરિદાસ ખાતે ફરજ પરના ડોક્ટરની અનિયમિતતા અને સ્ટાફની દર્દીઓ સાથેની ગેરવર્તણૂકના ગંભીર આક્ષેપો સામે આવ્યા છે. આ મામલે ખેડા જિલ્લા પંચાયતના મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી દ્વારા મેડિકલ ઓફિસર તથા તમામ સ્ટાફ સામે વિધિવત કારણદર્શક નોટિસ ફટકારીને કડક વલણ અપનાવવામાં આવ્યું છે.

સ્થાનિક રહીશ દ્વારા કરવામાં આવેલી લેખિત ફરિયાદ મુજબ, હેલ્થ સેન્ટર પર ફરજ પરના ડોક્ટર સમયસર અને નિયમિતપણે હાજર રહેતા નથી. સારવાર માટે આવતા બીમાર દર્દીઓને યોગ્ય રીતે તપાસ્યા વિના જ નડિયાદ સિવિલ હોસ્પિટલ જવાનું કહીને પરત મોકલી દેવામાં આવે છે. આ ઉપરાંત, સ્ટાફ દ્વારા દર્દીઓ અને તેમના સગા-સંબંધીઓ સાથે ઉદ્ધત તથા અસભ્ય વર્તન કરાતું હોવાના પણ આરોપ લાગ્યા છે.

નાગરિકોને ઘર આંગણે જ પ્રાથમિક આરોગ્ય સુવિધાઓ મળી રહે તે હેતુથી આ હોસ્પિટલ શરૂ કરાઈ છે. છતાં સ્ટાફની ગેરરીતિના કારણે ગરીબ અને મધ્યમ વર્ગના દર્દીઓને નાણાં અને સમયનો વ્યય કરીને દૂર આવેલી સિવિલ હોસ્પિટલ જવું પડે છે. આ સમગ્ર મામલાને ગંભીરતાથી લઈને જિલ્લા આરોગ્ય અધિકારીએ ૩ દિવસમાં તાલુકા હેલ્થ ઓફિસરના સ્પષ્ટ અભિપ્રાય સાથે લેખિત ખુલાસો રજૂ કરવાનો આદેશ આપ્યો છે. જો નિયત સમયમાં સંતોષકારક ખુલાસો નહીં મળે તો કાયદેસરના શિસ્તભંગના શિક્ષાત્મક પગલાં ભરવાની ચેતવણી આપવામાં આવી છે.

ખેડા જિલ્લામાં આરોગ્ય વિભાગમાં સતત કોઈને કોઈ વિવાદ ચાલતા રહે છે. અગાઉ પણ પીએચસી અને સીએચસી સેન્ટર પર પણ અનેક ફરિયાદો ઉઠી હતી.

ખાનપુર તાલુકાના માર્ગો 'જય અંબે'ના નારાઓથી ગુંજ્યા

ઠેર-ઠેર વિસામામાં જમવાથી લઈને આરોગ્યલક્ષી સેવાઓ સાથે સરભરા

(પ્રતિનિધિ) ખાનપુર તા.૧૯

આગામી ભાદરવી પૂનમને અનુલક્ષીને યાત્રાધામ અંબાજી તરફ જતા પગપાળા યાત્રાળુ સંઘોથી ખાનપુર તાલુકાના માર્ગો ઉભરાઈ રહ્યા છે . દાહોદ, ઝાલોદ, મધ્ય પ્રદેશ, સંતરામપુર, ગોધરા, શહેરા અને લુણાવાડા સહિતના વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં પદયાત્રી સંઘો અંબાજી જવા રવાના થયા છે . સમગ્ર રસ્તાઓ 'બોલ મારી અંબે, જય જય અંબે'ના નારાઓથી ગુંજી ઉઠ્યું હતું.

ભાદરવી પૂનમે અંબાજી જતા પદયાત્રીઓ માટે સ્થાનિક શ્રદ્ધાળુઓ દ્વારા જગ્યા-જગ્યાએ વિસામા ઊભા કરવામાં આવ્યા છે. આ વિસામાઓમાં પદયાત્રીઓને જમવાથી લઈને મફત આરોગ્યલક્ષી સગવડો પૂરી પાડવામાં આવી રહી છે. દર વર્ષે આ યાત્રાળુઓની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે.

વરસતા વરસાદ કે અંધારી રાતની પરવા કર્યા વિના માઈભક્તો મા અંબાની ધૂન અને ગરબાની રમઝટ બોલાવીને આગળ વધી રહ્યા છે. પ્રત્યેક સંઘ પોતાના માતાજીના રથને આધુનિક સિસ્ટમ, ધજા અને પતાકાઓથી શણગારીને જૂથબદ્ધ રીતે પસાર થઈ રહ્યો છે. અહીં ભક્તોની ભક્તિ, શ્રદ્ધા, વિશ્વાસ અને મહેનતનો અનેરો સંગમ જોવા મળી રહ્યો છે.

લુણાવાડાથી પદયાત્રા રથનું પ્રસ્થાન

ભાદરવી પૂનમના પવિત્ર અવસર નિમિત્તે લુણાવાડા મુખ્ય મથક ખાતેથી અંબાજી માતાજીના ભાદરવી પૂનમ પદયાત્રા રથનું અત્યંત શ્રદ્ધા, ઉલ્લાસ અને ભક્તિસભર વાતાવરણમાં પ્રસ્થાન કરવામાં આવ્યું છે.લુણાવાડા શહેર અને આસપાસના ગ્રામ્ય વિસ્તારના અસંખ્ય માઇભક્તો આ ભાવુક પદયાત્રામાં જોડાયા છે. જય અંબે અને બોલ મારી અંબે, જય જય અંબે ના ગગનભેદી નારાઓથી સમગ્ર લુણાવાડા શહેર ભક્તિરસમાં સરોબોર થઈ ગયું હતું. પદયાત્રીઓ માતાજીના રથ સાથે પગપાળા અંબાજી ધામ જવા માટે રવાના થયા છે. નાનાં બાળકોથી લઈને મોટેરાઓ સુધીના હજારો પદયાત્રીઓ અંબાજી જવાના માર્ગ પર માતાજીની ભક્તિમાં લીન થઈને ચાલતા જોવા મળી રહ્યા છે. યાત્રાળુઓને માર્ગમાં કોઈ તકલીફ ન પડે તે માટે લુણાવાડાથી અંબાજી જવાના સમગ્ર માર્ગ પર વિવિધ સેવાભાવી સંસ્થાઓ દ્વારા ચા-નાસ્તો, ભોજન, તબીબી સેવા (મેડિકલ) અને વિશ્રામ માટેના પંડાલો ઊભા કરવામાં આવ્યા છે.

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

આણંદ	નડિયાદ
જય એન્ટરપ્રાઈઝ કિશોર પ્લાઝા, આણંદ.	ઈશાન ન્યુઝ પેપર એજન્સી સાગર ભુવન, ડભાણ ભાગોળ, નડિયાદ

કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો
મો. 99250 30225, મો. 99255 50225